

## પ્રાંતિજમાં દારૂના વેચાણને પગલે મહિલાઓ રણચંડી બની

એકબાજુ સરકાર દ્વારા દારૂબંધીને લઈને કડક કાયદા બનાવવામાં આવ્યાં છે ને બીજી બાજુ પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં પાણીની જેમ દારૂ વેચાતું હોવાને લઈને પ્રાંતિજ નાની ભાગોળ ખાતે રહેતા ક્ષત્રિય સમાજની મહિલાઓ યુવાનો દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં ઈંગ્લીશ તથા દેશીદારૂનું વેચાણ થતું હોવાથી ૩૦૦ થી પણ વધારે યુવાનો બાળકો મહિલાઓ એકઠા થઈને પંખીગરથી રેલી યોજી પ્રાંતિજ પોલીસ સ્ટેશન જઈને પ્રાંતિજ પીઆઈ ટી.બી. રાઠોડને આવેદનપત્ર આપ્યું અને આગામી દિવસોમાં દારૂબંધી કડક નહી થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી આપીહતી.

# મોડાસાની હફસાબાદ છાપરાની પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજનમાં વપરાતુ શાકભાજી બાળકો-શિક્ષકોએ ઉગાડ્યુ

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની હફસાબાદ છાપરા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ કિચન ગાર્ડનમાં જ સજીવ ખેતીનો અભિગમ અપનાવી પાલખ, મેથી, કોબીજ, મુળા, રીંગણ, મરચી, કોથમીર, લસણ, ડુંગળી, ટામેટા જેવી શાકભાજીનું વાવેતર કરી જ બાળકો શાકભાજી, શિયાળામાં વિટામીન્સ અને મિનરલથી ભરપુર અને ભરપુર માત્રામાં ખનિજ તત્વો ધરાવતી મેથી, પાલખ, મુળા, કોબીજ, લસણ સહિત અન્ય લીલા શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યુ છે અને બાળકોને સતત મધ્યાહન ભોજનમાં લીલા શાકભાજી આપવાના પ્રયત્નો હાથ ધર્યા છે. શાળામાં અભ્યાસ માટે આવતા બાળકોને અભ્યાસ,



નાનપણથી જ વિદ્યાર્થીઓમાં સજીવ ખેતી પ્રત્યે લગાવ વધે તે દિશામાં શાળાના આચાર્ય અને શિક્ષકોએ પ્રયાસ આદર્યા છે.

આ અંગે વધુ માહિતી આપતા હફસાબાદ છાપરા પ્રાથમિક શાળાના આચાર્ય નરેન્દ્રભાઈ આર. વણકરે જણાવ્યુ હતુ કે સરકારી પ્રાથમિક શાળાના બાળકોમાં કુપોષણ જેવી બિમારીઓ અટકાવી શકાય અને શાળામાં અભ્યાસ કરતા બાળકોને તાજી શાકભાજી મધ્યાહન ભોજનમાં મળી રહે તે માટે કિચન ગાર્ડનનો કન્સેપ્ટ અપનાવ્યો છે. હફસાબાદ પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮માં ૯૨ જેટલા બાળકો અભ્યાસની સાથે સાથે કિચન ગાર્ડન અને સજીવ ખેતી માટે ખુબ રસ દાખવતા શાળાના બગીચામાં રમત-ગમતની સાથે કિચન ગાર્ડનના માધ્યમથી કોઈ પણ જાતના ખાતર અને દવાઓનો છંટકાવ કર્યા વગર યોગ્ય માવજતથી સજીવ ખેતી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

શાળાના બાળકોએ વાવણી કરી ઉછેરાતા શાકભાજી મધ્યાહન ભોજન યોજનામાં ઉપયોગ કરી સ્વાદિષ્ટ, પોષ્ટિક આહાર બાળકોને પિરસવામાં આવે છે. તદ્ઉપરાંત જંકફૂડની જગ્યાએ બાળકોને લીલા શાકભાજી ભોજનમાં ઉપયોગ કરવા અને તેનાથી મળતા ફાટદાઓ આરોગ્યની દષ્ટિએ ખૂબ જ મહત્વના હોવાનું સમજાવવામાં આવે છે. અને લીલા શાકભાજી રોજિંદા ઉપયોગમાં લેવા પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવે છે.



# તલોદના રાણીપુરા ગામે ભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સાવ

તલોદ તાલુકાના રાણીપુરા ગામે શ્રી મહાકાળી માતાજીના મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ઉલ્લાસ અને શ્રદ્ધાપૂર્વક સંપન્ન થયો. અહિં નિર્માણ પામેલા ભવ્ય મંદિરમાં શ્રી મહાકાળી માતાજી ઉપરાંત શ્રી હરસિદ્ધ માતાજી અને શ્રી બહુચર માતાજી સહિતના દેવ-દેવતાઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની વિધિ કરવામાં આવી હતી. ૩ દિવસ ચાલેલા આ પ્રતિષ્ઠા મહોત્સવમાં હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ અને ડ્રોન દ્વારા ફોટોગ્રાફી તેમજ વિડીયોગ્રાફી સહિતની આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે પંથકનું નજરાણુ સમાન ઘટના હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં હજારો માઈભક્તો ઉમટી પડ્યા હતા. જ્યા મોટા લોકમેળા જેવા દશ્યો ઉદ્ભવ્યા હતા. શોભાયાત્રા અને શ્રી અલખધાણી આખ્યાન સહિતના કાર્યક્રમમાં હજારો ભાવિકોએ ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

# ૭ રાજ્યોમાં ઠગાઈ અને હત્યા કરનારી ચિટર ટોળકીને ઝડપી લેવા કેરાલા પોલીસના પાલનપુરમાં ધામા

પાલનપુર, તા. ૩

કેરાલાના કન્નુર જિલ્લાના ઈરિકુર પોલીસ મથકની હદમાં બનેલા હત્યાના ગુનાની હત્યારી અને ચિટર ટોળકીને શોધવા કેરાલા પોલીસે પાલનપુરમાં ધામા નાખ્યા છે.

૭ જેટલા રાજ્યોમાં ઠગાઈ કરી અને કેરાલામાંથી લૂંટના ઈરાદે હત્યા કરી ગુજરાત સહિતના રાજ્યોમાં લાખોની ઠગાઈ કરી અને નાસી છુટેલા આ ખુંખાર ગેંગના ૩ સભ્યોને ઝડપવા કેરાલા પોલીસ ૭ રાજ્યો ફરી છે. જો કે આ શાતિર ટોળકી પોલીસને ચકમો આપી અનેક રાજ્યોમાં લાખોની ઠગાઈ આચરી રહી છે. જો કે આ ચિટર ગેંગને ઝડપવામાં નિષ્ફળતા મળતા કેરાલા પોલીસે મીડિયાનો સહારો લીધો છે અને આરોપીઓને પકડવા અપીલ કરી છે.

મહિલાઓ સહિત ૧ યુવક આર્યન-ઈલિયાસ-તનવીર જ્યારે સીમરન-આયેશા-સૌમ્યા-પૂજા-સુધા અને બીજી યુવતી હાબીયા અને લીલા કુમારી બની અલગ અલગ રાજ્યોમાં હત્યા અને લૂંટના બનાવોને અંજામ આપે છે. આ ગેંગનો મોડ્સ ઓપરેન્ડીમાં કોઈ પણ રાજ્યમાં કોઈ કોલોની અથવા ફરાર થઈ જાય છે. અલગ અલગ નામ અને અલગ અલગ વેશમાં આ ટોળકી કોઈ કોલોની અથવા કોઈ વસાહતમાં જઈ વૃદ્ધ કે મહિલાની એકલતાનો લાભ લઈ લૂંટના ઈરાદે




વસાહત અથવા સોસાયટીઓમાં જઈ પોતે સુરત અથવા કોઈ મોટી સીટીમાં સાડીઓનો બીઝનેસ ધરાવે છે. આમ કહી રહેવાની જગ્યા મેળવશે અને ફક્ત ૩૦ દિવસ જે તે સ્થળ રહી લોકોના લાખો રૂપિયા અને આઈડીપ્રુફ અથવા ફોટા મેળવી ઘરમાં પુરી ખુરશીથી બાંધી અને ચપ્પાથી ઘા કરી લૂંટને અંજામ આપી ફરાર થઈ જાય છે. જો કે પોલીસના નાકે દમ કરનારી આ ટોળકીને શોધવા મોબાઈલ લોકેશનને આધારે કેરાલા પોલીસે હાલ પાલનપુરમાં ધામા નાખ્યા છે.

# પાળીયાદ મોરારિબાપુની કથામાં ટ્રાફિક પ્રદર્શન જોવાનો રેકોર્ડ નોંધાશે

પાળીયાદ મુકામે ચાલી રહેલી પ.પુ. મોરારી બાપુની કથામાં ભારતભરમાં થતા અકસ્માતોને દર્શાવતુ ફોટોગ્રાફર અજયસિંહ જાડેજાના ટ્રાફિક પ્રદર્શનને ૭મા દિવસે ૧ લાખથી વધારે લોકોએ નિહાળ્યાનો રેકોર્ડ થવા જઈ રહ્યો છે. કોઈપણ જગ્યાએ આવા પ્રદર્શનમાં લોકોએ રસપૂર્વક નિહાળ્યાનો આ પ્રથમ પ્રસંગ છે. એક લાખથી વધારે લોકોએ પ્રદર્શનને શાંતિથી જોયુ અને પોતાએ મગજમાં પણ ઉતાર્યુ. અજયસિંહ જાડેજા દ્વારા તાજેતરમાં થયેલા બોટાદ પાસેના અકસ્માતોને પછી આ પ્રદર્શનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રદર્શન બોટાદ પોલીસ દ્વારા યોજવામાં આવ્યુ છે. જેમાં પોલીસ અધિક્ષક સરોજકુમારી, ડીવાયએસપી રવિરાજસિંહ જાડેજા, ટ્રાફિક પીએસઆઈ ઝાલા તેમજ પાળીયાદ પીએસઆઈ સાંખડાનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. આ પ્રદર્શન નિહાળવાનો રેકોર્ડ ઈન્ડીયાબુક, લીમકા બુક અને યુનિક બુકમાં નોંધાશે.





## મોડાસામાં યોજાયો પ્રાંતકક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં પ્રાંતકક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. મોડાસા શહેરના ત્રીજા સેવા સેતુ કાર્યક્રમમાં શહેરના અરજદારો ઉમટ્યા હતા. જેમાં અરજદારોની જુદી જુદી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં રેશનકાર્ડ, આધારકાર્ડ, જાતિ તેમજ આવકના દાખલા, સહિતની વિવિધ અરજીઓનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સેવાસેતુ કાર્યક્રમ સરકારની અન્ય સેવાઓનો લાભ પણ અરજદારોને સ્થળ ઉપર મળી રહે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

# ભિલોડાના બુઢેલી ડુંગર પર દિપડીને ફસાવનારની ધરપકડ

### દિપડીને ફસાવવા જતો શિકારી પોતે પોજરે પુરાયો

ભિલોડા તાલુકાના બુઢેલી, ટોરડા,પહાડાના ડુંગરાળ વિસ્તારમાં ડુંગર ઉપર લોખંડના તારનો દેશી ફંદો બનાવી ડુંગરની ઝાડીમાં રહેતા નિર્દોષ સસલા, ભુંડ, નીલગાય જેવા પ્રાણીઓને ફસાવવા મુંકેલ ફંદામાં




તા.૨૪/૧/૧૭ના રોજ દિપડીનો પગ ફંદામાં ફસાઈ જતાં વન વિભાગએ દિલધડક રેસ્ક્યુ ઓપરેશન કરી ૩ કલાકની ભારે જહેમત બાદ દિપડીને બચાવી લેવાઈ હતી. દિપડીને તાત્કાલીક સારવાર આપી વધુ સારવાર અર્થે ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં મોકલી આપી હતી. વન વિભાગ ધ્વારા દેશી ઢબના ફંદા બનાવનાર ભેજાબાજોને પકડવા વન વિભાગે કમર કસી હતી. અરવલ્લી જીલ્લા ડી.એફ.ઓ. આરાધના શાહુની દોરવણી હેઠળ એન. પી. મેવાડા, બી. ડી. મકવાણા આર.એફ.ઓ., પી.એ.ખરાડી વનપાલ ટોરડા, એસ. આઈ. બરંડા, એ.કે.નિનામા, આર. બી. સોલંકી, વન રક્ષકની ટીમ બનાવી વન્ય પ્રાણીઓને પકડવા માટે જાળ બિછાવનાર શખ્શની શોધખોળ હાથ ધરાતાં સઘન તપાસના અંતે ગુરૂવારે સવારે બુઢેલી ગામના સીકંદર કાંહ્યાભાઈ ચામઠા, રહે.બુઢેલી, તા.ભિલોડાની અધિકારીઓએ ધરપકડ કરી હતી. ઝડપાયેલા શખ્શે દિપડીને ફસાવવા પોતે જાળ બિછાવ્યાની પોતે કબુલાત કરતાં તેને મોડાસાની જ્યુડીશીયલ કોર્ટમાં રજુ કરાયો હતો.



આગામી તા. ૭મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રેહલી ઉનાઈથી અંબાજી સુધીની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાના રૂટ, યાત્રા સ્થળો, સ્થાનિક કક્ષાએ મીડિયા, સોસીયલ મીડિયા સહિતની વિવિધ જવાબદારીઓ અને તૈયારી માટે આજરોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અગ્રણીઓ ભીખુભાઈ દલસાણીયા, ભરતભાઈ પંડ્યા, હર્ષદભાઈ પટેલ અને જગદીશભાઈ ભાવસારની ઉપસ્થિતિમાં શહેરો તથા જિલ્લા મીડિયા કન્વીનરોની બેઠક યોજાઈ હતી. જેમાં ભરતભાઈ પંડ્યાએ સમગ્ર આદિવાસી યાત્રાની રૂપરેખા આપવા સાથે સમગ્ર યાત્રા દરમિયાન તેમજ જે તે વિસ્તાર શહેર જિલ્લાઓમાં મીડિયા કવરેજ સહિતની જવાબદારીઓ સુપ્રત કરી હતી. ઉત્તર ગુજરાતમાંથી અરવલ્લી જિલ્લા કન્વીનર પ્રભુદાસ પટેલ અને સાબરકાંઠામાંથી મીડિયા કન્વિનર પંકજ ધુવાડ ઉપરાંત જામનગર, સુરત, વડોદરા વગેરે જિલ્લાઓના કન્વીનરો અને અમદાવાદ ડૉ. હિતેશભાઈ પટેલ અને મુકેશભાઈ દાસાણી વગેરે મીડિયા કન્વીનરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડાના રામનગરના ડુંગર પર આગ



ભિલોડા તાલુકાના રામનગર ગામના ડુંગર ઉપર આગ લાગતા રામનગરના સામાજીક કાર્યકર સંકેતભાઈ ચૌધરીએ શામળાજી આર.એફ.ઓ. કે. એમ. ડામોરને જાણ કરતાં વન ખાતાના અધિકારીઓને તાબડતોબ રામનગરના ડુંગર પર મોકલી રામનગર વન મંડળી, ગામલોકો અને વન ખાતાના ટીમએ આગને કાબુમાં લઈ આગ બુઝવી હતી. વન ખાતાના અધિકારીઓએ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચતાં મોટું નુકશાન થતાં અટક્યુ હતું.

# તલોદ આર્ટસ-કોમર્સ કોલેજનો વિજય

તલોદ, તા. ૩

તલોદ એ.પી.આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ પાટણ આર્ટસ કોલેજ સામે યોજાયેલ ક્રિકેટ મેચમાં ૧૧૪ રને વિજેતા બની હતી. તલોદ કોલેજે ટોસ જીતી બેટીંગ લીધુ હતુ. તલોદ કોલેજના જીજ્ઞેશ ચૌધરીએ ૬૧ અને ૪૦ રન નોંધપાત્ર હતા. તલોદ કોલેજના ૨૩૨ રન સામે પાટણ કોલેજે માત્ર ૧૧૪ રને તલોદનો વિજય થયો હતો.



## સંજય જોશીનું મોડાસામાં ૪૦ ગાડીઓના કાફલા સાથે ભવ્ય સ્વાગત

રાજસ્થાનના ઉદેપુરથી આજે અમદાવાદ જઈ રહેલા ભાજપના પૂર્વ રાષ્ટ્રીય મહામંત્રી સંજય જોશીનું મોડાસામાં પ્રવેશતા જ નજીકના ગાજણ ટોલનાકા પાસે ૪૦થી વધુ ગાડીઓના કાફલા સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે મોડાસામાં કાર્યકર સુરેશભાઈ ત્રિવેદીના નિવાસે બે કલાકના રોકાણ દરમિયાન જણાવ્યું હતું કે સરકાર સકારાત્મક અને સંવેદનયુક્ત છે. લોકોના પ્રશ્નો પરત્વે અને તેના ઉકેલ માટે ભાજપ સતત પ્રયત્નશીલ છે. તેઓ અમદાવાદમાં વીએચપીના ગુજરાત કાર્યાધ્યક્ષ કૌશિક મહેતાને ઘરે પારિવારિક પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા. તેમણે આગામી ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જીતાડવા કૃતનિશ્ચયી હોવાનું જણાવ્યુ હતુ. મોડાસામાં સુરેશ ત્રિવેદીના ઘરે ભોજન લીધા પછી તેઓ અમદાવાદ જવા રવાના થયા હતા.